ગુજરાતમિત્ર

તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રી: મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા

સુરત ચેરીટી ફંડ - શેઠ પી. ટી. સુરત જનરલ હોસ્પિટલ
સંચાલિત
New Sheth P. T. Multispecility Hospital
ન્યુ શેઠ પી. ટી. મલ્ટીસ્પેશ્યાલીટી હોસ્પિટલ

ડૉ. મધુકર પરીખ
(M.D. Medicine)
સોમ થી શનિ : સવારે ૧૦:૦૦ થી ૧૧:૩૦

ડૉ. રાજેશ બકરીવાળા
(M.D. Medicine)
સોમ, ગુરૂ, શનિ : બપોરે ૦૩:૦૦ થી ૦૫:૦૦

ડૉ. ઉમેશ નકુમ
(M.D. Medicine)
સોમ થી શનિ : સવારે ૧૧:૩૦ થી ૧:૩૦, સાંજે ૦૫:૩૦ થી ૦૮:૩૦

યુનિવર્સલ બિઝનેશ સેન્ટર, 'બી' વિંગ, પેન્ટાલૂન શોરૂમ / શા. રતિલાલ જ્વેલર્સની ગલીમાં, મધુવન સર્કલ પાસે, એલ. પી. સવાણી રોડ, અડાજણ, સુરત.
Contact : Ph.: 0261- 2994800, 2995800, 2383838

માલિક: ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાન: ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ | e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગ: ૨૫૯૯૯૯૧, ફેક્સ: ૨૫૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગ: ૨૫૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2021-23 ★ RNI No.1597/57

વર્ષ: ૧૬૧ * * * સંવત ૨૦૮૦ માગશર વદ દશમ, શનિવાર ૬ જાન્યુઆરી, ૨૦૨૪ * * * દૈનિક : ૮૭ - અંક : ૪૪ પાનાં ૧૦+૧૨ કિંમત ~ ૫.૦૦

સોમાલિયા નજીક એમ.વી. લીલા નોર્ફોલ્ક નામના વેપારી જહાજનું ચાંચિયાઓ દ્વારા અપહરણ

સંદેશો મળ્યા બાદ અરબી સમુદ્રમાં ચોકી ભરી રહેલું ભારતીય નૌકાદળનું જહાજ આઈએનએસ ચેન્નાઈ અપહ્યત જહાજ તરફ ધસી ગયું

નેવીનું શૌર્ય: 15 ભારતીયો સાથેનું જહાજ છોડાવ્યું

અપહ્યત જહાજ પર નૌકાદળના માર્કોસ કમાન્ડોઝ ચડ્યા, ૧૫ ભારતીય સહિત તમામ ૨૧ કર્મચારીઓને સલામત બહાર કાઢ્યા, તમામ ચાંચિયાઓ ભાગી છૂટ્યા

નવી દિલ્હી, તા. ૫: સોમાલિયા નજીકથી ૧૫ જેટલા ભારતીય કર્મચારીઓ સાથેના એક વેપારી જહાજનું અપહરણ થયું છે એવો સંદેશો મળ્યા બાદ ભારતીય નૌકાદળના એક પેટ્રોલિંગ જહાજને તાબડતોબ આ અપહ્યત જહાજની દિશામાં રવાના કરવામાં આવ્યું હતું અને કલાકોની જહેમત બાદ નૌકાદળના માર્કોસ કમાન્ડોઝ અપહ્યત જહાજમાં ઉતર્યા હતા અને ૧૫ ભારતીય કર્મચારીઓ સહિત આ જહાજ પરના તમામ ૨૧ કર્મચારીઓને લૂંટારાઓની ચુંગાલમાંથી છોડાવ્યા હતા.

મળતી વિગતો પ્રમાણે ઉત્તરીય અરબી સમુદ્રમાં ચાંચિયા વિરોધી પેટ્રોલિંગની કામગીરી માટે તૈનાત કરાયેલા ભારતીય નૌકાદળના જહાજ આઈએનએસ-ચેન્નાઈએ ગુરુવારે સાંજે મદદ માટેનો એક સંદેશો આંતર્યો હતો. તે સંદેશા પરથી જાણવા મળ્યું હતું કે સોમાલિયાના કાંઠા નજીક એક વેપારી જહાજ પર પાંચથી છ જેટલા સશસ્ત્ર ચાંચિયાઓ ચડી ગયા છે અને તેમણે આ જહાજનું અપહરણ કરી લીધું છે. લાઈબેરિયાનો ધ્વજ ધરાવતા એમવી લીલા નોર્ફોલ્ક નામના આ જહાન પર ૧૫ ભારતીય કર્મચારીઓ પણ છે એમ જાણવા મળ્યું હતું. એમવી લીલાએ યુનાઈટેડ કિંગ્ડમ મેરિટાઈમ ટ્રેડ ઓપરેશન્સ(યુકેએમટીઓ) પર સંદેશો મોકલ્યો હતો. સંદેશો મળ્યા બાદ ભારતીય નૌકાદળનું જહાજ આ વેપારી જહાજની દિશામાં ધસી ગયું હતું. જહાજની નજીક પહોંચ્યા બાદ જહાજ પરની સ્થિતિ પર હેલિકોપ્ટરો, વિમાન અને ડ્રોન્સ વડે નજર રાખવામાં આવી હતી. વેપારી જહાજના કર્મચારીઓ સાથે સંપર્ક કરવામાં નૌકાદળના જહાજને સફળતા મળી હતી અને આ કર્મચારીઓ સલામત છે તેની ખાતરી થઈ શકી હતી. ત્યારબાદ યોગ્ય સમયે નૌકાદળના માર્કોસ કમાન્ડો અપહ્યત જહાજ પર ચડ્યા હતા. કમાન્ડોઝની ચેતવણીને પગલે ચાંચિયાઓ જહાજ છોડીને ભાગી ગયા હતા અને જહાજ પરના તમામ કર્મચારીઓને સલામત બહાર કાઢવામાં આવ્યા હતા. ગઈકાલે સાંજે ચાંચિયાઓ જહાજમાં ચડ્યા ત્યારથી જહાજના તમામ કર્મચારીઓ એક સેફ રૂમમાં ભરાઈ રહ્યા હતા એમ જાણવા મળે છે. ૧૫ ભારતીયો સહિત તમામ ૨૧ કર્મચારીઓને

...અનુસંધાન પાના 2 પર

અપહ્યત જહાજ પરની ગતિવિધિ પર વિમાન, હેલિકોપ્ટરો અને ડ્રોન્સ વડે નજર રખાઇ

નૌકાદળનું જહાજ અપહ્યત જહાજની નજીકના વિસ્તારમાં પહોંચ્યું તે પછી આ અપહ્યત જહાજ પર થઇ રહેલી ગતિવિધિ પર સતત નજર રાખવામાં આવી હતી. મેરિટાઇમ પેટ્રોલિંગ વિમાન, હેલિકોપ્ટરો અને પ્રિડેટર એમક્યુ ડ્રોન્સને કામગીરીમાં તૈનાત કરવામાં આવ્યા હતા. બાદમાં નૌકાદળના માર્કોસ કમાન્ડોઝ આ જહાજ પર ચડ્યા હતા. સંભવતઃ કમાન્ડોઝ આ જહાજ પર ચડે તે પહેલા જ ચાંચિયાઓ કે લૂંટારૂઓ આ વેપારી જહાજ પરથી ભાગી છૂટ્યા હતા.

ભારતીય નૌકાદળે આ બીજા જહાજને છોડાવ્યું

આ પહેલા ૧૪મી ડિસેમ્બરે માલ્ટાનો ધ્વજ ધરાવતા એમવી રુએન નામના વેપારી જહાજનું અપહરણ થયું હતું. તેને છોડાવવા માટે પણ ભારતીય નૌકાદળનું એક પેટ્રોલિંગ જહાજ અન્ય દેશોના જહાજો સાથે ધસી ગયું હતું અને તે જહાજને મુક્ત કરાવાયું હતું. તેમાં જો કે કોઇ

...અનુસંધાન પાના 2 પર

ભારતીયો સાથેના જહાજ પર આ ત્રીજો હુમલો

જેમાં મોટા પ્રમાણમાં ભારતીય કર્મચારીઓ હોય તેવા વેપારી જહાજ પર હુમલાનો આ ત્રીજો બનાવ છે. ૨૩મી ડિસેમ્બરે સૌરાષ્ટ્ર કાંઠા નજીક એમવી શામ પ્લુટો નામના જહાજ પર ડ્રોન હુમલો થયો હતો જે જહાજમાં ૨૧ ભારતીય કર્મચારીઓ હતા. આ હુમલો કોણે કર્યો તે

...અનુસંધાન પાના 2 પર

જમ્મુ કાશ્મીરમાં અથડામણ, LETનો ત્રાસવાદી ઠાર મરાયો

શ્રીનગર : લશ્કર-એ-તૈયબાનો (એલઈટી) એક ત્રાસવાદી, જે 2017માં સૈન્ય અધિકારી લેફ્ટનન્ટ ઉમર ફ્યાઝના અપહરણ અને હત્યામાં સામેલ હતો, તે શુક્રવારે જમ્મુ અને કાશ્મીરના શોપિયાં જિલ્લામાં સુરક્ષા દળો સાથેની અથડામણમાં માર્યો ગયો હતો, એમ પોલીસે જણાવ્યું હતું. દક્ષિણ કાશ્મીર જિલ્લાના ચોટીગામ ગામમાં ત્રાસવાદીની હાજરી અંગેની ચોક્કસ માહિતી પર કાર્યવાહી કરીને, સુરક્ષા દળો દ્વારા વહેલી સવારે ઘેરાબંધી અને સર્ચ ઓપરેશન શરૂ કરવામાં

...અનુસંધાન પાના 2 પર

ચાલુ નાણાકીય વર્ષમાં ભારતનું અર્થતંત્ર ૭.૩ ટકાના દરે વિકસશે: સરકારી અંદાજ

નવી દિલ્હી : નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪માં ભારતીય અર્થતંત્ર ૭.૩ ટકાના દરે વિકાસ કરશે, જેની સામે એક વર્ષ પહેલા તેનો વિકાસ દર ૭.૨ ટકા હતો. માઇનિંગ, ક્વોરિંગ, મેન્યુફેક્ચરીંગ તથા અન્ય કેટલાક સેક્ટરોના સારા દેખાવને કારણે આ દર સુધરવાની ધારણા છે. નેશનલ સ્ટેટિસ્ટિકલ ઓફિસ

...અનુસંધાન પાના 2 પર

બાંગ્લાદેશમાં ટ્રેનને આગ ચંપાતા ચારનાં મોત, અનેકને ઇજા

ઢાકા, તા. 5 (PTI): ભારત સાથેની સરહદ નજીક આવેલા બંદરીય નગર બેનાપોલથી રાજધાની ઢાકા આવી રહેલા બાંગ્લાદેશની એક ટ્રેનને કેટલાક શંકાસ્પદ આગજનીકારોએ આગ ચાંપતા ઓછામાં ઓછા ચારનાં મોત થયા છે તથા અન્ય ઘણાને ઇજા થઇ છે. બાંગ્લાદેશની સામાન્ય ચૂંટણી યોજાય તેના બે દિવસ પહેલા જ આ બનાવ બન્યો છે જે ચૂંટણીનો મુખ્ય વિપક્ષ બીએનપીએ બહિષ્કાર કર્યો છે.

બેનાપોલ એક્સપ્રેસ ભારતના પ.બંગાળની સરહદ નજીકના બેનાપોલથી ઢાકાના કમલાપુર જતી હતી ત્યારે તે પોતાના ગંતવ્યસ્થાને પહોંચવાની તૈયારીમાં જ હતી ત્યારે તેની ચાર ડબ્બાઓને આગ ચંપાઇ હતી. રેલવે અધિકારીઓએ જણાવ્યું હતું કે ટ્રેના ૨૯૨ જેટલા મસાફરોમાંથી મોટા ભાગના મુસાફરો ભારતથી પાછા ફરી રહ્યા હતા. મૃત્યુઆંક વધી શકે છે.

મુકેશ અંબાણીને પછાડીને ગૌતમ અદાણી ભારતના સૌથી અમીર વ્યક્તિ બન્યા

નવી દિલ્હી, તા. 5. દેશના દિગ્ગજ બિઝનેસમેન ગૌતમ અદાણી ફરી એકવાર દેશના સૌથી અમીર વ્યક્તિ બની ગયા છે. શુક્રવારે સવારે 9:30 વાગ્યા સુધીમાં ગૌતમ અદાણી 97.6 અબજ ડોલર સુધી પહોંચી ગયા છે. ગૌતમ અદાણી માટે નવું વર્ષ શાનદાર સાબિત થયું છે. ફરી એક વાર તેઓ દેશના સૌથી ધનિક વ્યક્તિ બની ગયા છે.

તેમણે વર્ષ 2024માં રિલાયન્સ ગ્રુપના ચેરમેન મુકેશ અંબાણીને પાછળ છોડી દીધા છે. વાસ્તવમાં બ્લૂમબર્ગ બિલિયોનેર ઈન્ડેક્સ મુજબ ગૌતમ અદાણીની કુલ આવકમાં છેલ્લા બે દિવસમાં 7.67 અબજનો વધારો થયો છે. આ કારણે શુક્રવારે સવારે 9:30 વાગ્યા સુધીમાં તેમની કુલ નેટવર્થ 97.6 અબજ ડોલરે પહોંચી ગઈ છે. ઉલ્લેખનીય છે કે, હવે તે એશિયાના સૌથી અમીર વ્યક્તિ બની ગયા છે. સાથે જ દેશના

...અનુસંધાન પાના 2 પર

બંગાળમાં દરોડા દરમ્યાન ઈડી અધિકારીઓ પર હુમલો: વિપક્ષે રાષ્ટ્રપતિ શાસનની માગણી કરી

પશ્ચિમ બંગાળના ગવર્નરે જણાવ્યું કે પોતે આ બાબતમાં વિકલ્પો તપાસે છે, કહ્યું કે બંગાળ એ બનાના રિપબ્લિક નથી

કોલકાતા, નવી દિલ્હી, તા. 5 (PTI): એન્ફોર્સમેન્ટ ડિરેક્ટરેટ(ઈડી)ના અધિકારીઓ પર આજે પશ્ચિમ બંગાળમાં એક દરોડા

દરમ્યાન ટીએમસીના એક નેતાના વફાદારો દ્વારા હુમલાઓ કરવામાં આવ્યા હતા, જેને પગલે આ રાજ્યમાં રાજકીય શક્તિપ્રદર્શન શરૂ થઈ ગયું હતું જેમાં વિપક્ષે રાજ્યમાં રાષ્ટ્રપતિ શાસન લાદવાની માગણી કરી હતી જ્યારે ગવર્નર સી.વી. આનંદ બોઝે વિકલ્પો શોધવવાનો અને યોગ્ય પગલાઓ લેવાના તેમના ઈરાદાનો સંકેત આપ્યો હતો.

...અનુસંધાન પાના 2 પર

તા.૦૫-૦૧-૨૦૨૪નું સુરત શહેરનું
હવામાન

મહત્તમ	લઘુત્તમ	ભેજ
૨૮.૦° સે.	૧૬.૪° સે.	૫૭%